## પ્રથમ લેખિત કસોટી - 2014

તારીખ : 7-10-2014
મંગળવાર

**ધોરણ - 8**

**વિષય : ગુજરાતી**

સમય : 11-00 થી 14-00

| કુલ ગુણ - 80 |
| --- |
| મેળવેલ ગુણ - |

**સૂચનાઓ : પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખો.**

---

**પ્રશ્ન - 1 (અ) નીચે આપેલ પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.** 10

(1) ગુજરાત રાજ્યના વિધાનસભા ગૃહને શું નામ આપવામાં આવ્યું ?
(ક) ગાંધીભવન (બ) સરદાર ભવન (ગ) વિઠ્ઠલભાઈ પટેલ ભવન

(2) કચ્છના શાહ સોદાગરનું નામ શું હતું ?
(ક) વીર ભામાશા (બ) શેઠ જગડુશા (ગ) હાકાશા

(3) જુમો કોના પર બેસીને પરણવા ગયો હતો ?
(ક) હાથીપર (બ) ઘોડા પર (ગ) પાડાપર

(4) દેવળિયા ગામના દરબાર કોણ હતા ?
(ક) માત્રા વાળા (બ) મંદોદર ખાન (ગ) તેજમલ ઠાકોર

(5) લેખક વૃંદાવનમાં કોના આશ્રમમાં સંસ્કૃત ભણવા માટે ગયા ?
(ક) બાબા રામદેવ (બ) પરમહંસ (ગ) શ્રોતમુની

(6) 'દવાનું મુખ <u>ચંદ્ર</u> જેવું સુંદર છે.' આ વાક્યમાં લીટી દોરેલ શબ્દ શું સૂચવે છે ?
(ક) ઉપમાન (બ) ઉપમેય (ગ) સાધારણ ધર્મ

(7) ગાંધીનગર કુલ કેટલા સેકટરમાં વહેંચાયેલું છે ?
(ક) ૨૯ (બ) ૩૦ (ગ) ૩૩

(8) તણખો કયાં ન પડ્યો ?
(ક) ચિનગારીમાં (બ) સગડીમાં (ગ) જામગરીમાં

(9) નીચેનામાંથી મૂર્ધન્ય ધ્વનિવર્ણ ઓળખી બતાવો.
(ક) ઠ (બ) ચ (ગ) ગ

(10) કવિ ઉપરવાળી બેંક કોને ગણાવે છે ?
(ક) ઈશ્વરને (બ) આકાશને (ગ) દેના બેંકને

**(બ) નીચે આપેલા ધ્વનિઓને જોડી શબ્દ બનાવો. (કોઈપણ ચાર)** 4

(1) ત્ + અ + ણ્ + અ + ખ્ + ઓ
(2) જ્ + અ + ગ્ + અ + ડ્ + ઉ + + શ્ + આ
(3) ચ્ + ઈ + ન્ + અ + ગ્ + આ + ર્ + ઈ
(4) ખ્ + અ + ર્ + અ + ચ્ + ઈ
(5) મ્ + અ + હ્ + આ + ન્ + અ + લ + અ

**(ક) નીચે આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. (ગમે તે બે)** 2

(1) મહેનત (2) જલધિ (3) યામિની

**પ્રશ્ન - 2 (અ) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ આપો. (ગમે તે ત્રણ)** 9

(1) રાજાએ જગડુશાને શા માટે તેડાવ્યા ?
(2) મંદોદરખાને પોતાના દીકરાના મારનારને કેમ છોડી મૂક્યો ?
(3) કવિ માતાની મમતા કયા કયા પ્રસંગે અનુભવે છે ?
(4) જુમો અને વેણુ દિવસ દરમયાન શું કરતા હતાં ?

Scanned by CamScanner

(બ) નીચે 'અ' વિભાગમાં કૃતિના નામ આપ્યા છે સામે 'બ' વિભાગમાં તેના કર્તાના નામ આપ્યા છે તેને યોગ્ય રીતે જોડો. 4

| (અ) | (બ) |
|---|---|
| (1) ધૂળિયે મારગ | (ક) રમણલાલ સોની |
| (2) દેશભક્ત જગડુશા | (ખ) ધૂમકેતુ |
| (3) આજ આનંદ | (ગ) લોકગીત |
| (4) જુમો ભિસ્તી | (ઘ) ઊર્મિગીત |

(ક) નીચે આપેલ શબ્દોની સંધિ છૂટી પાડો. (ગમે તે ત્રણ) 3

(1) મહાનલ (2) દેવાલય (3) સ્વાગત (4) મહોદય

પ્રશ્ન - 3 (અ) નીચે આપેલ પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો. (ગમે તે ચાર) 8

(1) કવિને માતાની લહેરખી ક્યારે અનુભવાય છે ?

(2) રાજા રાજ્યની પ્રજાને બચાવવા કોનો સહારો લે છે ?

(3) સ્વામીજીને રહેવા માટે કયું સ્થળ મળ્યું ?

(4) ગામડાની ધુળેટીમાં ઘેરૈયાઓને શેનાથી રંગવામાં આવે છે ?

(5) પ્રવર્તમાન સમયમાં મનુષ્યોએ શાની પાછળ દોટ મૂકી છે ?

(બ) નીચેના શબ્દોને શબ્દકોષના ક્રમમાં ગોઠવો. 4

સુંદર, સૌથી, સવાયું, સોગાત, શરૂઆત, સ્વચ્છ

(ક) સૂચના મુજબનાં વાક્યો બનાવો. (ગમે તે બે) 4

(1) જુમો વેણુને ભેટી પડ્યો. (કર્મણિ વાક્ય)

(2) દિયાથી ચીસ પાડી ઉઠાઈ. (કર્તરિ વાક્ય)

(3) નક્ષ લેસન કરે છે. (પ્રેરક વાક્ય)

પ્રશ્ન - 4 (અ) નીચે આપેલ વિષયો પૈકી કોઈ એક વિષય પર નિબંધ લખો. 8

(1) મારો પ્રિય તહેવાર (2) વાત્સલ્યમૂર્તિ મા (3) અતિવૃષ્ટિ

(બ) નીચે આપેલ રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ) 6

(1) આંકડા માંડવા (2) ગામનું તોરણ બાંધવું (3) છાતી ભાંગી જવી (4) તડકા-છાંયડા જોવા

(ક) નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે) 2

(1) પાણી ભરવાનું ચામડાનું સાધન (2) રાજ્યના કાયદા ઘડનારી સભા (3) પ્રજા પર પ્રેમ રાખનાર

પ્રશ્ન - 5 (અ) નીચે આપેલ મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક આપો. 6

એક રાજા - નગરચર્યા કરવી - રસ્તા વચ્ચે પથ્થર જોવો - રાજાએ પથ્થર નીચે એક ચિઠ્ઠી અને સોના મહોર મુકવાં - ખેડુતનું પસાર થવું - અથડાવું - બબડાટ કરવો - ચાલ્યા જવું - ઘોડાગાડીનું પસાર થવું - અથડાવું - બબડાટ કરી ચાલ્યા જવું - દૂધવાળીનું પસાર થવું - અથડાવું - બબડાટ કરીને ચાલ્યા જવું - એક વિદ્યાર્થીનું પસાર થવું - પથ્થર ખસેડવો - ચિઠ્ઠી - સોના મહોર મળવાં - ચિઠ્ઠી વાંચવી - પથ્થર ખસેડવાનું ઈનામ - બોધ

અથવા

તમારી શાળામાં યોજાઈ ગયેલ શિક્ષક દિનની ઉજવણી અંગેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

(બ) નીચે આપેલ કાવ્યપંક્તિની સમજૂતી આપો. (ગમે તે એક) 4

(1) ઘરથી જાઉં દૂર છતાં તુ હોય આંખનીસામે કોણ અભાગી હોય જે માને આમ સદા ના પામે ?
સ્મરણ તે તીરથ : તારી એમ કરું પરકમ્મા... તને ઓળખું છું મા !

(2) ખુલ્લા ખેતર અડખે પડખે, માથે નીલું આભ, વચ્ચે નાનું ગામડું બેઠુ, ક્યાં આવો છે લાભ ?

(ક) નીચેના શબ્દજૂથનો ઉપયોગ કરી વાક્ય બનાવો. (ગમે તે બે) 4

(1) ગામ, મનોહર, ગોંદરું (2) શાળા, નિયમિત, પ્રાર્થના (3) ગુજરાતી, વ્યાકરણ, ભાષા

(ડ) નીચે આપેલ શબ્દોની સાચી જોડણી લખો. (ગમે તે બે) 2

(1) દોઢીયું (2) ચીનગારી (3) વિજળી

Scanned by CamScanner